શ્રી રાધાજીનો વીવાહ.

તથા

ગોપીના મહીના.


અને

આત્મ ઊપદેશી મહીના.

પ્રસિદ્ધ કરનાર.

બુકશેલર.–ભગવાનદાસ દેવસીભાઇ.

પ્રત ૩૦૦૦.



આવૃત્તિ ૧ લી

અમદાવાદ.

ત્રીભુવન પ્રીન્ટીંગ પ્રેસમાં ત્રીભોવન કશીભાઇ
બારોટે છાપ્યું.

કિંમ્મત છ પાઇ.

કોપીરાઇટ.

૫૫૨૮

શ્રી રાધાજીનો વીવાહ.

તથા

ગોપીના મહીના.


અને

આત્મ ઉપદેશી મહીના.

પ્રસિદ્ધ કરનાર.

બુકશેલર–ભગવાનદાસ દેવસીભાઇ.

પ્રત ૩૦૦૦.



આવૃત્તી ૧ લી

અમદાવાદ.

ત્રીભુવન પ્રીન્ટીંગ પ્રેસમાં ત્રીભોવન કશીભાઇ બારોટે છાપ્યું.

કિંમ્મત છ પાઇ.

કોપીરાઇટ.

અથશ્રી રાધાજીના વિવાહ.

રાગ કલ્યાણ.

હે સાહેલીઓ કહો મુજ માતને.
જઈ વિવાહની વાત કહો મુજ તાતને.
રાધાજીને વર વરવો છે, નંદ તણો કુમાર;
ઉતાવળ સહીત કરીને, મીદ લગાડો વાર;
મન માહરૂ તન તલકે આજતો;
નંદનો નઠોર લાલ, હીંન્ડોળે ઝુલતો;
માડી મારૂં મન લોભાણું, કરવી એવી પેર;
મોરલીધર મોહન રૂપાળો, લાવો આપણે ઘેર;
શું ઘેવી થઇ, તારી બુધ્ધી ક્યાં ગઇ;
નંદનો નઠોર લાલ, આવસે નહી;
સુણી રાધકા કરે કલ્પના, તજવા મારે પ્રાણ;
અન પ્રાણી આરોગુતો, મને મુજ બાવાની આણ;
માત તાત ભ્રાત કહે, આ કારણ ખરૂં;
નદને નઠોર લાલે, કામણ તો કર્યું;
જઈ જશોદાજીને કહે છે ભ્રગુભાન નકી નાર
રાધા સાથે પરણાવવા, કરો કાનાને તૈયાર;
ક્રસ્ન કહે માતુ મારી, આ શું તે કર્યું;
સોળ વરસની કન્યાને, કેમ હુંતો વરૂં.
સાત વરસની ઉમર મારી, શુણજે મારી માત;
કજોડલું કરશો નહી માતા, થાશે મારી વાત.
નંદરાયની રાણી બોલીઆં, વરે નહી કો કન્યાને

એ સઘળું હું સાચું કહું છું. સુણજો સરવે જન કાને
દાશીનું કેણ સુણીને, થઇ શામા ઉદાશ;
ગીરધર વર ગોપીના વલભ, પુરો મારી આશ.
ગઇ પ્રભૂ કને. હવે શું કહું તને.
ફજેત મેળવી ખરી, જગતમાં મુને.
બોલ સાચું શું બોલીને, મધુપુરની વાટ.
સમખાઈ સગપણ તે કીધું, જમનાજીને ઘાટ;
વિચારી જોમતી, હું બોલતો નથી;
વેચવાને દીધી માટે, મારગે જતી;
હું વરીછું નંદ કુંવરને, સુણે જસોદા માત;
જે દીને નાહાની હતી, તે દીને વરી સાક્ષાત;
જોબન ધરતો, મુજ મન હરતો; વરસ થયાં છે વીસ.
તે દાહાડાની હુ કેમ જાણું, સાચો તું જુગ દીશ:
કૃપા હવે કરી, તમે મુજને વરો;
અબળા જાતીને ઉદાશ શીદને કરો;
ક્રસ્ન કહે કામની, હું તુજને તો વર્યો;
તારૂ હેત જોવાને, મેં ઉદમતો કર્યો;
ભુલ ચુક કે ખામી ખોડ, હોય આ મોજાર;
સુધારીને વાંચી લેસો, નમું હું વારમવાર,
પુર્ણ થયો છે વીવા આજે, જે સાંભળે નરને નાર
ભગવાન કહે છે ભાવ ધરીને, ઉતરસો ભવપાર;

અથ શ્રી ગોપીના મહીના.

અક્રુરના રથ આવીયા, છુટ્યાં શબ્દ દુવાર;
આશ પાશની ગોવાલણી, ટોળે મળી તતકાળ.
રથે બેશીને રાજવી રાજવીર ચાલ્યા, નેણાં ભરીને રાધકાજી રૂવેરે.
આપણે બાળા તે પણુના બેલીરે, હવે કેમ જાસો માયા મેલી;
છો આતમારામ છો જીવન પ્રાણ.
કારતક માસે કૃષ્ણ સીધાવીયા, નવ રહી શકી વરજનાર;
જેના તનમાં તાણા વાણાછેરે, ગયા હંસને હુતો રહી હારી.
એવી કઠણ કરણી હમારીરે, મેંતો સંભુની સેવના કીધીરે;
મેંતો થાપણ ઓળવી લીધીરે, છો૦ ૨
માગશર મહીને મેલી ચાલ્યા જઈ બેઠા જુગદીશ;
સહેસો મારા શામનોરે, બાપું કોઈરે બતાવો જુગદીશ.
એને ચરણે નમાવું શીશરે, એને લેઈને દઉં બક્ષીસરે. છો૦ ૩
પોસ મહીનાની પ્રીતડી, જોબન તણી જંજાળ;
અમરત ભોજન હતાં તે જમી ગયારે, મારા ઠાલા ધર્યા રહ્યા થાળરે.
મારા કર્મ તણો ન આવ્યો પાર. છો૦ ૪
માહા મહીનાની ટાઢડી થર થર કંપે દેહ, સેજલડી સુની રહીરે;
શુંની સેજે તે કેમ સુંવાયરે, સુનાં મંદીર ખાવા ધાયરે;
મારૂં હૈયું હાલકલોલ થાય. છો૦ ૫
ફાગણ ફુલ્યો ફુલડે, રમતા રઘુરાય;
હુંતો ફરતી ફુંદડીરે, વાલો આતા જમણી બાંયરે;
વાલો સોળસે ગોપીયું માંય. છો૦ ૬
ચૈત્ર આવ્યો સકોમળો, પીપળ આવ્યાં પાન;

નાગણુંઆરો ન આવીયોરે, મારે હરી મળ્યાની ઘણી છે હામ;
મારે પડયું છે એનુ કામરે, બાપુ કોઈ બતાવો શ્રી રામ છો૦ ૭
વઈશાખે જોઉ વાટડી, નીહાળું ચારે દેશ;
કાને પડછતા સુણીયારે, હરીને આવતાં ઉરમાં લેશુંરે;
મારૂં મન હરીને દેશુંરે. છો૦ ૮
જેઠે જાણ્યું આવસે જીવન જદુપતી રાય,
ચંદન ઘોળાવું વાટકેરે, હરી વીંઝણું ઢોળુ વાયરે. છો૦ ૯
આજ અશાડો આવીયોરે, વરસ્યો ઘોરમઘોર;
વીજળી ચમકારા કરેરે, મધુરા બોલે મીઠડા મોર;
કોયલ બપૈયા કરે કીલોલ, મારૂ હૈડુ નવ રહે ઠોર. છો૦ ૧૦
શ્રાવણ વરસે સરવડે, નદીએ ડોળાં નીર;
પેહેરવા પીતાંબર પોતીયાંરે, ગોપીને ઓઢણુ આછાં ચીર.
વાલો બોબલે છાંટતા નીરરે, મારાં ભીજાય દક્ષણીનાં ચીર. છો૦ ૧૧
ભાદરવે ભર નીંદરા, શીતળ થયાં શરીર;
સ્વપ્ના અતરમાં ન આવીયારે, વાલો બળભદ્રના વીરરે;
વાલે ગોવાળીયાની ગત રાખી, કાનુડે નવ જોયું કાંઈ ઝાંખીરે. છો૦૧૨
આસો મહીને આવીયા, સહુની પુરી આશ;
કરજોડીને કાનજીરે, તારી વીનતી કરે છે વીરદાસરે;
વાલે રંગ ભર રમાડયાં રાસરે, પ્રભુ અમારે તમારી છે આશરે. છો૦

અથ આત્મ ઉપદેશી બાર મહીના લખ્યા છે.

રાગ સીતાના બાર હમીનાનો.

અરે જીવ કારતકે કરી લે વીચાર, કહેને ક્યાંથી આવીયો.
મોંઘા ગુરૂની મળી મનુંશા દેહ, સ્ને પુંન્ય પામીઓ.

તેનો દેહ ધર્યાનાં પરમાણ, પુન્ય કાંઇ કીજીયે;
કથા કીરતન સમરણ થાય, ત્યાંતો કાન દીજીયે.

માસ ૨ જો.

અરે જીવ માગશરે મનમાંય, જોશ તારે બહુ થયો;
દેખી ધન દારા પરીવાર, હઇયામાં હરખીઓ.
તેતો સોભાના દીન ચાર, તેમાં શું વળગી રહયો.
કાંઇક કરને તરયાનો ઉપાય, નીકર તું નીશ ગયો.

માસ ૩ જો.

અરે જીવ પોસે પકડસે કાળ, તે દી કોણ તાહરૂં
તેથી ભજી લ્યે શ્રી ભગવાન, મેલી હું ને માહરૂં.
રાખી છાપ તીલકને માળ, આનુંછે દયાળનું.
તેથી ડરશે જમદુત કાળ. અંતકાળના કામનું.

માશ ૪ થો.

અરે જીવ માયે મોયો મનમાંય, ભાંમની કેરા ભાગમાં.
તેની ભુરચાંમાં ગયોરે ભેળાઇ, વીશયના રાગમા.
ચીત ભુલી ધરખા અહંકાર, વીચારી લીઇયો આપમા.
તેની ત્રષ્ણામાં ગયોરે તણાઇ, વીષયના ઘાટમાં.

માશ ૫ મો.

અરે જીવ ફાગણે રીયોરે ફુલાઇ, જડ માયા કેરા જોરમાં.
તારા શીરપર ફરેરે સેતાંન, લેશે પલક પોહોરમાં,
રાજા ધરમ માગશે જવાબ, અગનીમાં ઉભો રાખશે;
માથે મારશે મોશરીઓના માર, ઉધે શીર ટાંગસે;

માશ ૬ ઠો.

અરે જીવ ચઇતરે રાખી ચીત,સત ગુરૂજીના ચરણુમાં;
તારા ત્રીવીધના તાપ ઓલાશે, અંતસ કરણુમાં
એવા ગુરૂજી છે સુખ દેણુ, કરમને કાપસે;
મટે જન્મ મરણુનો જંજાળ, અભે પદ આપસે.

માશ ૭ મો.

અરે જીવ વઇશાકે દીન જાય, વયા તારા વાટમાં;
રાત દીવશ રીયોરે છુપાઇ, વીસેના ધાટમાં;
પશુ પરનારી શું પ્રીત, નીતી નહી હરીના નામની;
બાર પહોરને ઘડીરે બત્રીશ કલ્પના કામની,

માશ ૮ મો.

અરે જીવ જેઠે જીવ્યાને ધીકાર, જપ્યા નહી જદુનાથને;
કરપી કરેથી નવાયાયું કાંઇ, કાપ્યા જોઇએ તારા હાથને;
તારા સવણુ થાયાં શુનકાર, શુણી નહી પરાણ્યને;
માટે ચડ્યો મોટપનો ભાર, નમ્યો નહી નારાણ્યને;

માશ ૯ મો.

અરે જીવ અશાડે આનંદવર મંડ, આવ્યું તારા ઉરમાં;
તેણે જાણ્યા નહી જુગદીસ, માયાના પુંરમાં;
મનમેથી મોયો મન માંય, પ્રભૂ નથી પેખતો.
તારી ચક્ષુ ફુટીયું સાર, તરણે નથી દેખતો.

માશ ૧૦ મો.

અરે જીવ શ્રાવણે ચડ્ય વાધા ગુણે જાણુ, શમ-
જેનો સાકર જેવો સ્વાદ, પીરસે તો પે

એવા ચતુરાઈ તણારે સંતાપ, દાઝુ ત્રીવીધ તાપમાં;
એવા મનડા તણારે વીલાસ, ભુલાઈરીયો આપમાં;

માશ ૧૧ મો.

અરે જીવ ભાદરવે ભજન વીના, ભીતર સાચ્યો લકલીનો,
બીજે કોટી કરોરે ઉપાય માર્ગ ના આવે મુકિતનો.
સેવો સત ગુરૂના ચરણ, શામરીજેવીસામો.
રઘુંનાથજી કરશે આશ, ધોખો મટે જીવનો.;

માશ ૧૨ મો.

અરે જીવ આ શુંરે ફરેવું ઊંડાશ, પદ્મરાગ રૂપી વનમાં.
ઘણા અવગુણછે મનમાંય, મગન રેવું મનમાં.
સમરણ કરીલે સત ગુરૂનુ, સુરતી ધરવી ધ્યાનમાં.
એવા સતગુરૂં સમરણહાર, સમજાવેછે સાનમાં

માશ ૧૩ મો.

અરે જીવ એવા પુરૂંસોતમ પુરણ અલ પોતે પરમાતમા,
એવા દેખાણા દરશનમાંય, ઓલખાણા આતમા.
એવા શુણીલો આરે સાસ, રૂદે નામ રામનુ,
ભક્ત ભોજન કહે ભવો ભવ, સેવક સત ગુરૂ સ્વામનુ,

समाप्त

જાહેર ખબર.

સરવે બુકશેલર સાહેબોને વિનંતી સાથે ખબર આપવામાં આવે છે કે અમારી પાસે તમામ જાતનાં પુસ્તકો મળે છે, પણ અમારાં છપાવેલાં જે જે પુસ્તકો હશે તે ઘણાંજ કીફાયત ભાવે મળશે. અમોએ હાલમાં ભવાઇ સંગ્રહ છપાવવા માંડ્યું છે જેની અંદર ભવાઇનો આબેહુબ ચીતાર આપવામાં આવશે, માટે એક વખત આ બુક મંગાવી ખાત્રી કરો. ફકત જુજ કીંમત રાખવામાં આવી છે. કીંમ્ત ૩૦—૮—૦ ટપાલ ખરચ જુદું.

ભગવાનદાસ દેવસીભાઇ

બુકસેલર-અમદાવાદ.